ગાંધીનગર સમાચાર

# ભાજપના સ્થાપના દિને સોનીઓ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમો કરાશે

હિંમતનગર, તા. ૫

કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં જવેલર્સો પર એક ટકો એકસાઈઝ ડયુટી લાદવામાં આવી છે ત્યારે તેના વિરોધમાં જવેલર્સોએ દેશ વ્યાપી હડતાળ પાડી છે. પરંતુ ૩૫ દિવસ વીતવા છતાં તેનો કોઈ નિવેડો આવ્યો નથી. જેથી જવેલર્સો રોષે ભરાયા છે. દરમિયાન સોમવારે હિંમતનગર જવેલર્સ એસોસીએશન દ્વારા ટાવર ચોકથી મહિલાઓની રેલી કાઢવામાં આવી હતી. આ અંગે હિંમતનગર જવેલર્સ એસોસીએશનના અંબાલાલ સોની, પરેશભાઈ સોની, હરેશભાઈ સોની, રાકેશભાઈ સોનીના જણાવાયા મુજબ છેલ્લા ૩૫ દિવસથી ચાલી રહેલી જવેલર્સોની હડતાળને કારણે ખાસ કરીને ગ્રાહકો તથા કારીગર વર્ગ મુશ્કેલીમાં મુકાયો છે. તો બીજી તરફ દેશવ્યાપી આ હડતાળ હોવાથી કેન્દ્ર સરકારને રોજનું કરોડો રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ હોવા છતાં તેનું કોઈ નિરાકરણ આવતું નથી.

દરમિયાન હિંમતનગર જવેલર્સ એસોસીએશન દ્વારા સોમવારે ટાવર ચોકથી મહિલાઓની રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં ચેતનાબેન સોની, રાજસ્થાન મહિલા મંડળના નંદાબેન સોની, અર્ચનાબેન સોની સહિત ૨૫૦થી વધુ મહિલાઓ જોડાઈ હતી. આ રેલી ટાવર ચોક થઈ જુના બજાર, નવા બજાર, ગાંધીરોડ, પોલોગ્રાઉન્ડ, હાજીપુરા સહિતના અન્ય વિસ્તારોમાં થઈને ટાવર ચોક પરત ફરી હતી. લક્ષ્મીનારાયણ મંદિરમાં સભાના રૂપમાં ફેરવાઈ હતી. ઉપસ્થિત મહિલાઓએ જરૂર પડે તમામ સહયોગ આપવાની હૈયાધારણ આપી હતી. ઉપરાંત આગામી તા. ૬ એપ્રિલે ભાજપના સ્થાપના દિન નિમિત્તે પણ આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવાનું આયોજન કરાયુ છે.



# મેઘરજની હાઈસ્કૂલના ગેટ પાસે સંખ્યાબંધ ખાલી બીયરના ટીન મળ્યા

મોડાસા, તા. ૫

મેઘરજ નગરમાં કે.જી.૧ થી ધો. ૧૨ સુધી એક મોટી હાઈસ્કૂલ આવેલી છે. જેમાં ૨૩૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે તથા ૮૦ જેટલા શિક્ષકોનો સ્ટાફ છે.

શનિવારના રોજ આજ હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગની બાજુના ગેટ ઉપર ૨૦ જેટલા બીયરના ખાલી ટીન પડ્યા હતા અને તે ગેટની ૨૦ ફૂટના અંતરે જ સ્કૂલનો પ્રાથમિક વિભાગ ધો. ૧ થી ૪ કલાસરૂમ આવેલા છે.

આ ઘટના વિશે સ્કૂલના પ્રિન્સિપાલ સંજય જોષીને સ્થળ ઉપર બોલાવીને ઘટના વિશે પૂછપરછ કરતા તેઓએ જણાવેલ કે અગાઉ પણ આ સ્કૂલમાં અજાણ્યા શખ્સો દ્વારા દરવાજા, બારી અને હોલના કાચની તોડફોડ કરવામાં આવી હતી. અને આ સ્કૂલની સામે જ પોલીસચોકી આવેલી છે. છતાં પણ આવી ઘટનાઓ બને છે.

ઉલ્લેખનીય એ છે કે અગાઉ પણ મેઘરજની ગ્રીન સ્કૂલમાં અજાણ્યા શખ્સો દ્વારા તોડફોડ કરવામાં આવી હતી અને હવે આ વિદ્યાના મંદિરમાં બીયરના ખાલી ટીન ગેટ ઉપર જ પડેલા જોઈ બાળકોને કેવી વિપરીત અસર થતી હશે તે સ્પષ્ટપણે દેખાઈ આવે છે.




ખેડબ્રહ્મા સુવર્ણકાર વેપારી એસોસીએશન દ્વારા એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં એક રેલી કાઢવામાં આવી હતી. જે શિતલચોકથી નીકળી સરદાર ચોક, પેટ્રોલપંપ, લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ શિતલ ચોક પહોંચી હતી. વેપારીઓએ સૂત્રોચ્ચાર અને બેનર દ્વારા સરકાર સમક્ષ વિરોધ દર્શાવ્યો હતો.

## દિયોદરના સણાવ ગામેથી પરણીત યુવાન ગુમ થતા ફરિયાદ

દિયોદર તાલુકાના સણાવ ગામે રહેતા મેરૂજી હમીરજી ઠાકોર ઉં.વ. ૩૭ જે ગત ૩૧-૩-૨૦૧૬ના રોજ ઘરેથી દિયોદર તલાટી પાસે દાખલો લેવા જવાનુ કહી નિકળેલ હતા. જે આજ દિન સુધી ઘરે પરત ન ફરતા તેમના પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને સગા-સંબંધીને ત્યાં શોધખોળ હાથ ધરી હતી પરંતુ કોઈ ભાળ ન મળતા ગુમ સુદા યુવાનના ભાઈ તલાજી હમીરજી ઠાકોરે દિયોદર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુમ સુધા નોંધ કરી તપાસ શરૂ કરી છે. આ બાબતે ફરિયાદીએ જણાવેલ કે મારા ભાઈના લગ્ન થયેલ છે. અને બે દિકરા અને એક દિકરી છે. દિયોદર તલાટી પાસે દાખલો લેવાનુ કહી નિકળેલ છે.

# અણસોલ નજીક રીવોલ્વર અને આઠ કારતુસ સાથે કર્ણાટકના ત્રણ ઈસમોની ધરપકડ

## શામળાજી પોલીસ, જિલ્લા એલસીબી તથા એસઓજીનું સંયુક્ત સફળ ઓપરેશન

શામળાજી, તા. ૫

ગાંધીનગર પોલીસ મહાનિરિક્ષકની સૂચના અન્વયે અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ દ્વારા અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા અણસોલ ગામ નજીક સોમવારે સાંજના ૬ વાગ્યાથી રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ સઘન ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી બાતમી આધારીત પુરઝડપે આવતી અલ્ટોકાર (ગાડી નં. કેએ ૨૫.એમએ.૯૬૧૮)નો અટકાવી તલાશી લેતા મુકેશ સુરેશચંદ્ર અગ્રવાલ (રહે. હુબલી) પાસેથી ૧ રિવોલ્વર અને ૪ જીવતા કાર્ચીજ કિંમત રૂ. ૨૫,૮૦૦ તથા હુસેન યુસુફ અમરપોલ્ડ (રહે. હુબલી કર્ણાટક), શોમુ રાહુલ રામુકલાલ (રહે. હુબલી) બન્ને પાસેથી ૪ જીવતા કારતૂસ કિંમત રૂ. ૮૦૦ તેમજ ત્રણેય આરોપી પાસેથી ૫ નંગ મોબાઈલ કિંમત રૂ. ૧૩ હજાર, રોકડા રૂપિયા ૨૫૦૦, ૧ બેગ કિંમત રૂ. ૨૦૦ તથા છરો નંગ-૧ કિંમત રૂ. ૧૦૦, લોખંડની નરશો નંગ-૨ કિંમત રૂ. ૨૦૦, ઉનની બુઢીયા ટોપી, ૪ કાળા નંગના માસ્ક-૪, ચેન ચાકુ, કેબલ કટ કરવાનુ કટર, રબર ગ્લોજ-૨, ટીવીબી ક્વીક ડાઈંગ ૧૦૦ ટકા એકોલીક એરોસોલ સ્પ્રે બોટલ-૨ તથા મારૂતિ અલ્ટો કાર કિંમત રૂ. ૧,૫૦ હજાર મળી કુલ ૧૯૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી, ત્રણ શખ્સોને રીવોલ્વર આપનાર રીંકુ ડૌર (ફોજદાર) રહે. નારનોલ, હરિયાણા પાસેથી મેળવી ગેરકાયદેસર હથિયાર સપ્લાય કરનાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



રાજસ્થાન તરફથી રતનપુર ચેકપોસ્ટના માર્ગે ગેરકાયદેસર રીતે હથિયારો અને દારૂગોળો ગુજરાત રાજ્યમાં ઠાલવવાનો કે હથીયારોની હેરાફેરી થવાની બાતમીના આધારે સોમવારે સાંજના ૬ વાગ્યાના સુમાર શામળાજી પોલીસ, જિલ્લા એલસીબી પોલીસ અને એસઓજીની ટીમે શામળાજી નજીક આવેલ અણસોલ ગામ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા બાતમી આધારીત પૂરઝડપે પસાર થતી અલ્ટોકારને અટકાવી તલાશી લેતા કારમાંથી કર્ણાટકના ત્રણ શખ્સો પાસેથી ૧ રીવોલ્વર અને ૮ નંગ જીવતા કારતૂસ મળી આવતા શામળાજી પોલીસે ત્રણેય આરોપીને ધરપકડ કરી રીવોલ્વર સપ્લાય કરનાર હરીયાણાના જમાદારની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.



આ ગેંગ કોઈ મોટી ચોરીની ઘટનાને અંજામ આપવા અથવા પ્રી પ્લાન હત્યા કરવા નીકળી હોવાનુ અનુમાન લગાવી રહ્યા છે.

શામળાજી પોલીસ, જીલ્લા એલસીબી અને જિલ્લા

# આજે સાબરકાંઠા ભાજપ દ્વારા ભારત માતા ગૌરવકૂચ

હિંમતનગર, તા. ૫

તા. ૬ એપ્રિલના રોજ ભાજપ દ્વારા ૩૬મો સ્થાપના દિન ઉજવનાર છે ત્યારે તેના ભાગરૂપે સાબરકાંઠા અરવલ્લી ભાજપ દ્વારા તા. ૬ એપ્રિલના રોજ ભારતમાતા ગૌરવ કૂચનું આયોજન કરાયું છે. આ કૂચ હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં ફરીને વૈશાલી ગ્રાઉન્ડમાં પહોંચી સભાના રૂપમાં ફેરવાશે, જ્યાં જનસંઘના કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવશે. જેમાં રાજ્યના અને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી ઉપસ્થિત રહેશે.

આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ તથા મહામંત્રી અશોકભાઈ જોષીના જણાવાયા મુજબ ભાજપની સ્થાપનામાં દેશ પ્રેમ અને લોકસેવાની વિચારધારા છે ત્યારે દેશના સર્વાંગી વિકાસ અને દેશવાસીઓમાં સ્વાભિમાન વધે તે કાર્યકર્તાઓના દિલમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના સર્વાંગી વિકાસ કૂચ માટે અથાગ પ્રયાસ આદર્યો છે ત્યારે કેટલાક પરિબળો કોમવાદ, આતંકવાદ જેવા મુદ્દાઓને ઉત્તેજન આપી રહ્યા છે તે યોગ્ય નથી.

દરમિયાન ૬ એપ્રિલના રોજ ભાજપનો ૨૬મો સ્થાપના દિન આવે છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભારતમાતા ગૌરવ કૂચનું આયોજન કરાયું છે. જેમાં બંને જિલ્લાના મળી અંદાજે ૫ હજારથી વધુ કાર્યકર્તાઓ જોડાશે અને ટાવર ચોક ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમાનું પૂજન કર્યા બાદ વંદેમાતરમનું ગાન કરી કૂચની શરૂઆત કરશે. આ કૂચમાં એક હજારથી વધુ મહિલા કાર્યકર્તાઓ જોડાશે. જેમાં દેશ ભક્તિના ટેબ્લો પણ હશે.

ઉપરાંત યુવા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા પંખીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ આ કૂચ ટાવર ચોકથી નીકળી મહાવીરનગર ચાર રસ્તા થઈ રતનપાર્ક, લક્ષ્મીનારાયણ કંપા, કસ્બા ચોક, છાપરીયા થઈ વૈશાલી ગ્રાઉન્ડમાં પહોંચશે, જ્યાં મંત્રી નિતીનભાઈ પટેલ અને કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં જનસંઘના કાર્યકર્તાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે.

## માનગઢમાં ઝાડ કાપવા બાબતે ઝઘડો થતાં ૧૨ વિરૂદ્ધ ફરિયાદ

ઈડર તાલુકાના માનગઢ ગામે શનિવારે ઝાડ કાપવા બાબતે ઝઘડો થતાં મારામારી થઈ હતી. જેમાં મામલો બિચકતા એક શખ્સે ૧૨ જણા વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં રવિવારે ફરિયાદ નોંધાવી હતી. માનગઢ ગામે રહેતા રામાભાઈ જીવાભાઈ ચેનવાના કુંટુંબીભાઈના ઘરની બાજુમાં આવેલા આંબલીના ઝાડ પર યુસુફભાઈના છોકરાઓ આંબલી પાડતા હોઈ સજ્જનબેને ના પાડી હતી. જેથી યુસુફભાઈ અલીભાઈ બાવન તથા તેના ચાર સાળા, મદીનાબેન યુસુફભાઈ, ઈલીયાસભાઈ અબ્દુલરજાક બાદરપુરા, મહંમદભાઈ ઈલીયાસભાઈ બાવન, શબ્બીરભાઈ બાવન, ઉમરભાઈ બાવન, મુદતસીફ ડોડીયા, રઉફભાઈ ડોડીયા, બશીરભાઈ બાદરપુરા, હસનભાઈ ખણુશીયા, નદીમભાઈ રાજપુરા તથા અકબરભાઈ ડોડીયાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી આવીને રામાભાઈને ગાળો બોલી અન્ય એક જણાને ઈજા પહોંચાડી જાતિ વિરૂધ્ધ શબ્દો બોલી અપમાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રામાભાઈ ચેનવાએ બારેય જણા વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## લાલોડાની સીમમાં ડમ્પરે બાઈકને ટક્કર મારતા બાળકનું મોત

ઈડર તાલુકાના લાલોડા ગામે રવિવારે ડમ્પરે બાઈકને ટક્કર મારતા એક દસ વર્ષના બાળકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. જે અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.લાલોડાની સીમમાંથી રવિવારે પસાર થઈ રહેલ ડમ્પર નં.જીજે.૭.વાયવાય.૨૯૯ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈક નં.જીજે.૯.એએમ. ૩૯૫૧ને ટક્કર મારી વિરલ નામના દસ વર્ષના બાળકને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી વિરલનું મોત નિપજયુ હતું. જે અંગે ગંભીરપુરાના ભીખાજી છગનજી ઝાલાએ ડમ્પર ચાલક વિરૂધ્ધ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરમાં પાણીની કુંડીમાં દોઢ વર્ષની માસુમ બાળકી પડી જતા અરેરાટીભર્યુ મોત

પાલનપુર, તા. ૫

પાલનપુર શહેરના ઢુંઢીવાડી વિસ્તારમાં ગરીબ પરિવારની દોઢ વર્ષની માસુમ પાયલનું ઘરની આગળ બનાવેલ ભૂગર્ભ પાણીના ટાંકામાં પડી જવાથી કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતુ.



નાના માસુમ ભૂલકાઓ ઘર આગળ બનાવેલ ભૂગર્ભ પાણીના ટાંકામાં પડી જવાના બનાવો પાલનપુર સહિત જિલ્લામાં અનેક બનાવો બન્યા છે. છતાં પણ લોકોમાં હજુ સુધી સતર્ક બન્યા નથી. પાલનપુર શહેરના ઢુંઢીવાડી વિસ્તાર તાજપુરા રોડમાં રહેતા હસમુખભાઈ વાઘેલાની દોઢ વર્ષની માસુમ દીકરી પાયલ ઘરના આંગણામાં રમી રહી હતી અને તેની માતા ઘરકામમાં વ્યસ્ત હતી. જો કે ઘરની આગળ બનાવેલા પીવાના પાણી ભૂગર્ભની પાણીના ટાંકી ખુલ્લી હતી જેના લીધે દોઢ વર્ષની પાયલ રમતા-રમતા પાણીમાં પડી ગઈ અને તેના માતા ઘરકામ વ્યસ્ત હોવાથી તે પણ ભુલી ગઈ દીકરી પાયલ ક્યા છે, અંતે શોધખોળ બાદ દોઢ વર્ષની માસુમ પાયલ ભૂગર્ભ પાણીના ટાંકામાં દેખાઈ જો કે આ ઘટનાને ઘણો સમય વીતી ગયો હતો. જો કે પાયલને પાલનપુર સિવિલમાં સારવાર માટે લઈ જવામાં આવી અને સિવિલના તબીબે પાયલને મૃત જાહેર કરતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

# ડીસા માર્કેટયાર્ડમાં પ્રથમ દિને ૩૦ હજાર બોરી તમાકુની આવક

## ખેડૂતોને અગાઉ તમાકુ વેચવા મહેસાણા-ખેડા જિલ્લામાં જવુ પડતું હતુ

ડીસા, તા. ૫

ઉત્તર ગુજરાતના મોખરાના ગણાતા ડીસા માર્કેટયાર્ડમાં બજાર સમિતિ ડીસા દ્વારા સોમવારથી તમાકુની હરાજીનું કામકાજ શરૂ કર્યું હતું. પ્રથમ દિને જ તમાકુની ૩૦ હજારથી વધુ બોરીની આવક થઈ હતી. અગાઉ ખેડૂતોને તમાકુ વેચવા માટે મહેસાણા કે ખેડા-આણંદ જિલ્લામાં જવું પડતું હતુ ત્યારે જિલ્લાના ખેડૂતોને ઘર આંગણે કોઈ પણ વધારાના ખર્ચ વગર તમાકુના વેચાણની સુવિધા મળતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી તમાકુનું વાવેતર વધ્યુ છે. ચાલુ વર્ષે આઠથી ૧૦ હજાર હેક્ટર જમીનમાં તમાકુનું વાવેતર થયું છે. તમાકુ મહત્વનો રોકડીયો પાક છે પરંતુ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો માટે અગાઉ તમાકુ વેચવા કોઈ પ્લેટફોર્મ ન હતુ. જેથી ખેડૂતોને તમાકુ વેચવા મહેસાણા જિલ્લાના ઉનાવા કે ચરોતર પ્રદેશમાં જવું પડતું હતું. જેમાં ભાડા પાછળ અને આવવા જવામાં નાણાંનો ખર્ચ વધુ થતો હોઈ તમાકુનું વાવેતર ફાયદાકારક રહેતુ ન હતુ. ત્યારે ઉત્તર ગુજરાતની મોખરાની ગણાતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા તમાકુના વેપાર માટે માર્કેટયાર્ડમાં સ્પેશ્યલ શેડ બનાવી હરાજી શરૂ કરી હતી. જેથી ખેડૂતોને ઘર આંગણે તમાકુનું વેચાણ કેન્દ્ર મળી રહેતા જીલ્લામાં તમાકુનું વાવેતર પણ વધ્યું છે.

ત્યારે ડીસા માર્કેટયાર્ડ દ્વારા સોમવારે તમાકુની હરાજીનું કામકાજ શરૂ કરાયું હતું. ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, વાઈસ ચેરમેન કરશનભાઈ કણબી, ડીરેક્ટરો ખેતાભાઈ દેસાઈ, નાગજીભાઈ દેસાઈ, બાબુભાઈ પાનકુટા, જીગરભાઈ દેસાઈ, પ્રવિણભાઈ દેસાઈ, દિનેશભાઈ ત્રિવેદી, બાબુલાલ માળી, મનિષભાઈ શાહ, માધાભાઈ પટેલ, દશરથભાઈ પટેલ સહિત સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડબલ મર્ડરમાં સંડોવાયેલો ફરાર શખ્સ તેજપુરામાંથી પકડાયો

રાજસ્થાનના આબુ પર્વત પર આવેલ દેલવાડા મંદિરમાં બે વર્ષ અગાઉ ચોરી કરવાના ઈરાદે આવેલા ત્રણ શખ્સોએ પૂજારી તથા અન્ય એક શખ્સની લૂંટ કર્યા બાદ હત્યા કરી ભાગી ગયા હતા. તત્કાલિન સમયે રાજસ્થાન પોલીસે બે જણાને ઝડપી લીધા હતા. પરંતુ એક શખ્સ પકડાયો ન હતો. દરમિયાન બાતમીને આધારે હિંમતનગર ગ્રામ્ય પોલીસે તેને હિંમતનગર પાસે આવેલા તેજપુરા ગામેથી શનિવારે રાત્રે ઝડપી લીધો હતો. વર્ષ ૨૦૧૪માં દેલવાડા મંદિરમાં ત્રણ જણાએ લૂંટ કરવાના ઈરાદે આવ્યા હતા. તેમણે પૂજારી તથા અન્ય એક શખ્સની હત્યા કરી ભાગી ગયા હતા. રાજસ્થાનના આબુ પર્વત પોલીસે બે જણાને ઝડપી લીધા હતા.

રાજસ્થાન પોલીસે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનને આપેલી માહિતી બાદ શનિવારે રાત્રે પોલીસે તેજપુરા ગામે જઈ લક્ષ્મા ઉર્ફે લચ્છીયા ગરાસિયા (જોગીવાડ, તા.કોટડા-છાવણી, ઉદેપુર)ને ઝડપી લીધો હતો.

# મેઘરજ નગરમાં ઉર્સે અશરફીની ઉજવણી

મોડાસા, તા. ૫

મેઘરજ શહેરમાં છેલ્લા કેટલાય વર્ષોથી દારૂલલીમ અશરફીયા ચાલે છે. જેમાં દર વર્ષે કેટલાય બાળકો ઈસ્લામની તાલીમ મેળવી સમગ્ર સમાજ તેમજ પંથકમાં શાંતિનો પૈગામ ફેલાવી રહ્યા છે. આ વર્ષે પણ તા. ૨ અને ૪ના રોજ ઉર્સે અસરફીના પ્રસંગે તકરીર અને કવાલીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં ગામના તેમજ આજુબાજુના કેટલાય હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનોએ સાંભળવાનો લ્હાવો લીધો હતો.




આ સમગ્ર પ્રોગ્રામની શરૂઆત મેઘરજ ગામના પીરે તરીકત સૈયદ મહમદ અશરફ 'સાબ'ના જુલુસ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ગામના અબાલ વૃદ્ધોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી. જનાબ કાદરી મીયાએ જણાવ્યુ હતુ કે ગત કેટલાય વર્ષોથી આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઈસ્લામ શાંતિ અને અમનનો સંદેશો આપે છે. આતંકવાદથી કે આઈ.એસ. આઈ.એસ. થી ઈસ્લામને કોઈ લેવાદેવા નથી અને માત્ર ને માત્ર રાજકીય હીત માટે હિન્દુ-મુસ્લિમને અલગ કરવામાં આવે તે દેશહિતમાં નથી. બન્ને અશરફ કમેટીની કામગીરી પણ બિરદાવા લાયક હતી કે જેમણે ખડેપગે રહી કાર્યક્રમની સફળતાનો પાયો નાંખ્યો હતો.





# મોડાસા પ્રાથમિક શાળાના નવીન મકાનનું ઉદ્‌ઘાટન

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના જાણીતા ચાર રસ્તા પર આવેલી ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ચાલતી સરકારી પ્રાથમિક શાળા નં. ૧ના મકાનનું નવીનીકરણનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલાના વરદહસ્તે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહ અને શાળા નવિન પ્રવેશોત્સવમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ભુપેન્દ્રસિંહ સીસોદીયા સહિત અરવલ્લી જિલ્લાના શિક્ષક સંઘના અગ્રણીઓ તેમજ જિલ્લાના તમામ જૂથમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક શાળા નં. ૧ માં અભ્યાસ કરતા બાળકોમાં આનંદ છવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શાળાના બાળકોને આ નવીનીકરણ મકાનથી ખાનગી શાળા જેવો અહેસાસ અનુભવશે.